# શું શું સાથે લઈ જઈશ હું?

સંકલન
મહેન્દ્ર મેઘાણી



# શું શું સાથે લઈ જઈશ હું?

સંકલન

**મહેન્દ્ર મેઘાણી**

Ekatra Foundation

Permission

Ekatra Foundation thanks Lokmilap for giving permission to distribute ‘Shun Shun Sathe’ as ebook at no charge. Users are allowed to share the ebook as long as they credit the Lokmilap. Users are not permitted to modify content or use it commercially. Readers can purchase original works in paper form from Lokmilap. Ekatra Foundation (http://www.ekatrafoundation.org) is a USA registered not for profit organization with objective to preserve and spread Gujarati literature.

@ સહુ લેખકોના

'એકત્ર' પુસ્તક શ્રેણી 1

પ્રકાશક:

રાજેશ મશરુવાલા

**એકત્ર ફાઉન્ડેશન**

www.ekatrafoundation.org

મુદ્રણ:

રમેશ ગજ્જર

AlphaGraphics

115 Metroplex Blvd., Pearl, MS 39232, USA

601-933-9550

# શું શું સાથે લઈ જઈશ હું?

– એ સવાલ ઉમાશંકર જોશીએ 1954માં એક કાવ્યમાં પૂછેલો અને પછી કહેલું; “લઈ જઈશ હું સાથે....પૃથ્વી પરની રિધ્ધિ હૃદયભર”. તેને આગલે વરસે લખેલા બીજા એક કાવ્યમાં કવિએ જણાવેલું કે "મળ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું".

કવિની જેમ ઘણા સામાન્ય માનવીઓને પણ આવો સવાલ થવાનો – ખાસ કરીને જેનો જવાનો સમય થઈ ગયો હોય તેવા મારા જેવાને. પરલોકે જઈને "અમૃત લઈ આવ્યો અવનિનું" કહેતાં મારી થેલીમાંથી થોડીક કાવ્ય-કણિકાઓ કાઢી શકું તો હું ધન્ય થાઉં. સોએક કવિઓનાં કાવ્યોમાંથી એક એક વીણેલી એવી કણિકા અહીં રજૂ કરી છે કવિઓનાં નામની કક્કાવારી મુજબ, તે બધી અનેક વાર વાંચવાનો અને બીજાને વાંચી સંભળાવવાનો આનંદ "મળ્યાં વર્ષો તેમાં” માણ્યો છે. અનેક મિત્રોને પોસ્ટકાર્ડ પર તે લખી મોકલી ત્યારે જ સંતોષ અનુભવ્યો છે. એવો આનંદ અને એવો સંતોષ કવિતાના જે ચાહકોને સાંપડતો હશે તેમના ચિત્તને આમાંની કેટલીક કણિકા સ્પર્શી જશે એવી આશા છે.

20 જૂન, 2013 **મહેન્દ્ર મેઘાણી**

નથી જોતા મુસાફર એકબીજાને નથી જોતા,
નજરને શું થયું છે કે ફક્ત દેખાય છે રસ્તો!
નથી એક માનવી પાસે બીજો માનવ હજી પહોંચ્યો,
‘અનિલ', મેં સાંભળ્યું છે કે બંધાય છે રસ્તો!

**રતિલાલ 'અનિલ'**

આપજો જેને ઉજાસો આપવાના;
લ્યો! અમે લીધી અમાસો - શી વાત છે?

**અનવર આગેવાન**

આ તરંગી જિંદગાનીનો હતો એ પણ નશો:
ખુદ રહી તરસ્યા, હમેશાં અન્યને પાતા રહ્યા!
કોઈ સાચી પ્યાસ લઈ આવ્યું ન અમને ઢૂંઢતું,
જામની માફક અમે તો નિત્ય છલકાતા રહ્યા!

**શેખાદમ આબુવાલા**

કો'ક જણે તો કરવું પડશે, ભાઈ!
એક જણે તો કરવું પડશે, ભાઈ!૦૦૦
ઊભા રહેવું પડશે કો'કે મારગ દીપક સ્હાઇ.

**‘ઉશનસ્’**

જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની,
આંસુ મહીંયે આંખથી યાદી ઝરે છે આપની!૦૦૦
તારા ઉપર તારા તણાં ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની!૦૦૦
ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી,
જોયું ન જોયું છો બને - જો એક યાદી આપની!
**'કલાપી'**

જળ લઈ જોઈએ તેટલું  ગરણું લઈને ગાળ;
નદી-તળાવ ગળાય નહિ. તું તારું સંભાળ;૦૦૦
જે તુજથી ન થઈ શકે, પ્રભુને એ જ ભળાવ.
**દલપતરામ કવિ**

એક તો સુહાગી ગગન ચાંદલો રે લોલ,
બીજો સોહાગી મ્હારો વીર જો!
ખમ્મા! વીરાને જાઉં વારણે રે લોલ.
**ન્હાનાલાલ કવિ**

“ઊડી જાઓ, પંખી પાંખુંવાળાં.... જી!”
વડલો કહે છે : "વનરાયું  સળગી, મૂકી  દિયો જૂના માળા!"૦૦૦
“આશરે તારે ઈંડાં ઉછેર્યાં, ફળ ખાધાં રસવાળાં જી;
મરવા વખતે સાથ છોડી દે, એ મોઢાં મશવાળાં !”

**દુલા ભાયા કાગ**

અયિ! કૂદતો કંઈ આવજે ,
ભરસિંધુને ઉછળાવજે.
આ દેશનું વીરત્વ મંદ પડી ગયું
તેને જગાવી મંત્ર ફૂંકી ઊર્મિઓ ઉછળાવજે.
ઓ મેઘ! કર કર વૃષ્ટિ,
હર હર વીરહાક પડાવજે.

**અરદેશર ફ૦ ખબરદાર**

આહા! જાશે ગુલ, વળી જશે રંગીલી આ વસંતે,
યુવાનીનું સુરભિમય આ કાવ્ય યે પૂરું થાશે;
ને જાશે આ બુલબુલ વળી ગીત ગાતું સુરીલું;
ક્યાંથી આવ્યું? ફરી ઊડી ક્યાં જતું! ના કળાતું.

**ઉમર ખય્યામ (અનુવાદક: શશિકાન્ત નીલકંઠ)**

જ્યાં પહોંચવાની ઝંખના વરસોથી હોય, ત્યાં
મન પહોંચતાં જ પાછું વળે એમ પણ બને.○○○
ને શોધવામાં જિંદગી આખી પસાર થાય,
ને એ જ હોય પગની તળે, એમ પણ બને!
**મનોજ ખંડેરિયા**

તમે તો લાજ કાઢીને કર્યું છે એવું કામણ કે –
રૂપાળાં ને ઉઘાડાં મોં હવે જોવા નથી ગમતાં!
**ઈન્દુલાલ ગાંધી**

આજ બધું સંભારવા બેઠાં,
પાનખરે અમે લીલી વસંતને ખોળવા બેઠાં!
**સુરેશ ગાંધી**

અમે ધારી નહોતી એવી અણધારી કરી લીધી,
અજાણી આંખડીએ ચોટ ગોઝારી કરી લીધી.○○○
કસુંબલ આંખડીના આ કસબની વાત શી કરવી?
કલેજું કોતરી નાજુક મીનાકારી કરી લીધી !
**અમૃત 'ઘાયલ'**

કંઠથી કામણ વહ્યાં'તાં, યાદ છે ?
આપણે ટહુકી ગયાં'તાં, યાદ છે ?
ગીત પડઘાતાં હજુ છે ચોતરફ –
એક પળ માટે મળ્યાં'તાં, યાદ છે?
**હર્ષદ ચંદારાણા**

આ મળ્યું જગત રે જેવું, બને તો જાણી લઈએ;
જે મળી જીવનની પળો, ચલો મન! માણી લઈએ.
**રમેશ જાની**

દોસ્તો, સફરના સાથીઓ! એ દેશની ખાજો દયા –
જ્યાં ધર્મનો છાંટો નહિ, ફિરકા છતાં ફાલી રહ્યા.
**ખલિલ જિબ્રાન (અનુવાદક: મકરન્દ દવે)**

અન્યાય નીચી મૂંડીએ ના લીધ સાંખી,
દુર્ગંધ પર મૂઠી ભરીને ધૂળ નાંખી,
ઉકરડા વાળી-ઉલેચી સૃજનનું ખાતર રચ્યું,
અબોલા ભંગાવવા - એ વાતમાં મનડું મચ્યું :
કંઈક આમાંનું બને,
ગાંધીજયંતી તે દિને!
**ઉમાશંકર જોશી**

કદાચ હું કાલે નહીં હોઉં.
કાલે જો સૂરજ ઊગે તો કહેજો કે
મારી બિડાયેલી આંખમાં
એક આસું સૂકવવું બાકી છે.
કાલે જો પવન વાય તો કહેજો કે
કિશોર વયમાં એક કન્યાના ચોરી લીધેલા સ્મિતનું પક્વફળ
હજી મારી ડાળ પરથી ખેરવવું બાકી છે.

**સુરેશ હ૦ જોશી**

મૃત્યુ રે! આવવું તારું મને આજ ગમે નહિ.૦૦૦
લોકકલ્યાણના યગ્ને અમારું આણુ યે આણુ
હોમી દેઈ મળ્યો મોકો પામવા કૃતકૃત્યતા.૦૦૦
તેથી તો, ભઈલા ! આજે  આટલું એક વીનવું:
કે ભલે આવજે, ધાર્યું આવવાનું જ હોય તો;
પણ ના આવજે તારા ધામમાં ચિર શાંતિના
મને લઈ જવા – આજે શાંતિ ના ખપતી મને!
આવજે, કિંતુ નેપથ્યે ઘડીએક લઈ જઈ,
નવાં નામ અને રૂપે સજ્જ પાછો મને કરી,
નવા જોબનના બ્હારે તન ને મન સંભરી,
મને તરત મૈયાને ફરીથી અંક મૂકવા!

**મનસુખલાલ ઝવેરી**

ઊછળતા સાગરે મેં છે ઝુકાવ્યું આપની ઓથે,
શરણમાં જે પડે તેને ડુબાવીને તરી જોજો.૦૦૦
વરસતા શ્યામ વાદળમાં મળ્યાં'તાં મેઘલી રાતે,
વચન ત્યાં વસ્લનું  આપ્યું – હવે, દિલબર! ફરી જોજો!
**કપિલ ઠક્કર**

આવો કોઈ નવજવાન! ગાઓ ધરતીનાં ગાન;
જનતા કેરી જબાન બનવા કો' આવો!૦૦૦
આવો કવિ ઓર કોઈ, શાયર શિરમોર કોઈ,
મુંગી મ્હેફિલો માનવીની રણઝણાવો!
**રવીન્દ્રનાથ ઠાકુર (અનુવાદક: કરસનદાસ માણેક)**

ધર્મશાળામાં જગતની કોણ ક્યારે આવશે – કોને ખબર!
ક્યાં સુધી એમાં મુસાફર થાક ખાવા થોભશે – કોને ખબર!
કોણ જીવનની સફર અટકાવશે અધવચ લથડિયું ખાઈને,
કોણ કોની ખાંધ પર અંતિમ ઉતારે પ્હોંચશે – કોને ખબર!
**અંબાલાલ ડાયર**

આભ–ઉંચા આવાસો, અવકાશે ફાળ, બધે માણસની ગૂંથેલી જાળ;
પોતે પોતાને ભૂલ્યો એવો કે નથી માણસને માણસની ભાળ!૦૦૦
માણસમાં જોજનવા ઊંડે અલોપ એવા માણસને કાઢવા બહાર,
હોય કોઈ માઈના પૂત પુરાવિદ્ થાય તત્પર તૈયાર!
**ચંદ્રકાન્ત દત્તાણી**

તુજ સંગે કોઈ વૈષ્ણવ થાયે, તો તું વૈષ્ણવ સાચો;
તારા સંગનો રંગ ન લાગે, તાંહાં લગી તું કાચો!
**દયારામ**

અદીઠ રહીને કોણ,
કોણ આ ચાલે મારી સાથે?૦૦૦
અહીં કાનની સાવ સમીપે આવી કોણ ઘૂઘવતું?
અને આંખમાં કોનું આંસુ મોતી થઈ ઊઘડતું?
**સુરેશ દલાલ**

ગર્વમાં ચકચૂર સાગરની ખબર લઈ નાખવા
નાવડી વમળો મહીં ફંગોળનારા ક્યાં ગયા?
મોત જેવા મોતને પડકારનારા ક્યાં ગયા?
શત્રુના પણ શૌર્ય પર વારી જનારા ક્યાં ગયા?
**જયંતીલાલ તુ૦ દવે 'વિશ્વરથ'**

આશા હતી : થાશું વડ વેરાનમાં,
મૂળિયાં રોપશું પાતાળ,
ઊંડેરા રસને રે ઉપર લાવશું,
આશરા દેશું અંતરિયાળ.૦૦૦
આવીને હેઠે રે ગાડાં છૂટશે,
ઉપર પંખી ગાશે ગીત,
ગાયું રે બપોરા ગાળશે –
એવી રેલવશું પ્રીત!

**જયંતીલાલ સો૦ દવે**

અંતરપટ આ અદીઠ! અરેરે, આડું અંતરપટ આ અદીઠ.
અહીં મે માંડી, તહીં તેં માંડી આંખની આતુર મીટ;૦૦૦
ખીણ કે ખાડી-નદી નથી આડી વંડી, વાડ કે ભીંત;
હાથ ચડે નહિ, તોય નડે આ ઝાકળઝીણું ચીર!

**જુગતરામ દવે**

ડગલું ભર્યું કે ના હઠવું, ના હઠવું;
વેણ કાઢ્યું કે ના લટવું, ના લટવું;
ફતેહ કરીને આગળ વધશું, અથવાં અહીંયાં મરશું;
પણ લીધેલું તે પાળીશું – રે, વજ્જરનું કરશું!

**નર્મદાશંકર દવે (નર્મદ)**

એવા આવે છે ધરતીના સાદ રે... હાલો ભેરુ! ગામડે.
ભીની માટીની ગંધ આવે યાદ રે.... હાલો ભેરુ! ગામડે.૦૦૦
બોલાવે આજ એનાં ખુલ્લાં આકાશ,૦૦૦
ખૂંદવાને સીમ, ભાઈ! ખેડવાને ખેતરો,
ભારતના ભાવિનાં કરવા વાવેતરો.
**નાથાલાલ દવે**

આગળ મોર્યા મોગરા, ને પછવાડે ગલગોટ;
સવળા વાતા વાયરા, એની અવળી વાગે ચોટ !૦૦૦
રાતે વસમી ચાંદની ને દા'ડે વસમી લૂ,
વસમી વિરહની શારડી - મન! વિચાર કરજે તું.
**બાલમુકુન્દ દવે**

એક હો પટ વિસ્તર્યો સામે અફાટ, અને પગે
ચાલતાં કેડી મહીં જ્યાં ફૂટતા અંકુર છે;
હાથ લાઠી, કામળી ખભ્ભે અને કંઠે કડી
ગીતની એકાદ - ના બીજી કંઈ જ જરૂર છે!
**મકરન્દ દવે**

અટકીને હર વળાંકે પૂછું છું સર્વને:
અહિંયાથી, તમને યાદ, કદી જિંદગી ગઈ?
**હરીન્દ્ર દવે**

જે પૂનમના ચાંદ સમ ચમકે છે તેઓને કહો:
બીજરૂપે પણ નભે ક્યારેક દેખાયા કરે!
**'ગની' દહીંવાલા**

ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ,
દૂર નજર છો ન જાય;૦૦૦
એક ડગલું બસ થાય,
મારે એક ડગલું બસ થાય.
**નરસિંહરાવ દિવેટિયા**

તારે માથે નગારાં વાગે મોતનાં રે,
નથી એક ઘડીનો નિર્ધાર —
તોય જાણ્યા નહિ જગદીશને રે!
**દેવાનંદ**

પૂરી થૈ છે મારી આ જીવનયાત્રા, હું મૃત છું;
હું દેખાઉં છું તે વહત મુજને ડાઘુજન છું!
**જશવંત લ૦ દેસાઈ**

થવા દે થાય તે, અમને નથી ડર – જોઈ લેવાશે;
જવાની પર ભરોસો છે – સદંતર જોઈ લેવાશે!૦૦૦
સફર કરવા કરી છે હામ – અંતર જોઈ લેવાશે,
જવાનીમાં જ આફતનાં અનેરાં ઝેર પી લીધાં,
હવે શું આવશે એથી ભંયકર – જોઈ લેવાશે!
**હેમન્ત દેસાઈ**

ભલે અનુપ બાંધિયા કંઈક ભાકરા–નંગલો,
અને રણની રેતમાં સરજવા મથ્યા મંગલો;૦૦૦
વિરાટ કરજો ભલે પ્રગતિની ઘણી યોજના,
ગ્રહો ગગન બાથમાં, પણ ન ભૂલશો – માનવી!
**યશવંત દોશી**

એકલા છોડી ગયા, તે ક્યારે પાછા આવશે?
દૂર જઈ ભૂલી ગયા, તે ક્યારે પાછા આવશે?
આ ધરા ફણગશે, લીલીછમ ફરી થાશે કદી;
મૂળથી ઊખડી ગયા, તે ક્યારે પાછા આવશે?
**ખલીલ ધનતેજવી**

જંગલમાં મંગલ કરી જાણે, મંગલ જંગલ જેને;
કડવું મીઠું, મીઠું કડવું: રામજી વશ છે તેને.
**નરભેરામ**

આવનારાં કોઈ નવતર! માફ કર –
આવનારાં જે હતાં, આવી ગયાં.
**રાવજી પટેલ**

દુખી કે દર્દી કોઈ ભૂલેલા માર્ગવાળાને
વિસામો આપવા ઘરની ઉઘાડી રાખજો બારી;
ગરીબની દાદ સાંભળવા, અવરનાં દુખને દળવા,
તમારાં કર્ણ-નેત્રોની, ઉઘાડી રાખજો બારી!
**પ્રભાશંકર પટ્ટણી**

ચલો ચલોને આજ
હવે તો હવા થઈને ફરીએ!૦૦૦
ઘટા આખીનાં મૂંગામંતર
પાનપાનના કાનકાનમાં
એવું તો કંઈ કહીએ–
ખડખડ હસતાં કરીને પાછાં
દૂરદૂર શું સરીએ!
**ધીરુ પરીખ**

ગિરિવર સરખો બોજ ઉઠાવે,
પુષ્પ તળે કચડાતું;
ઝેર-ઘૂંટડા જીરવી જઈને
અમી છલોછલ પાતું;
ચ્હાય ભવોભવ એ નિષ્ઠુરને
દીધી વેદના જેણે:
મન મતવાલું માને શેણે?

**જયંત પલાણ**

બઢે જ સૌ જશું, કદી ન થોભશું,
એક દી ગરીબનું સ્વરાજ લાવશું.૦૦૦
દુખના ભલે તૂટે અમારે શિર ડુંગરો,
ગીત હો મુખે ને ઉરે ઉછાળ ધ્યેયનો!

**કુલીન પંડ્યા**

આગ જલે ભીતરમાં એની, બહાર સદાયે હસતું;
મૃગજળને માની જળબિંદુ નિત વેરાને ધસતું,
અણદીઠાંની આંખમહીં પણ નેહ રહે એ ઝંખી–
ઉરનું આ તે કેવું પંખી!

**ગુણવંત પંડ્યા**

જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો,
ફૂલની શૈયા ગણી અંગાર પર હસતો રહ્યો!૦૦૦
ફૂલ આપ્યાં ને મળ્યા પથ્થર કદી તેને ય પણ
પ્રેમથી પારસ ગણી દાતાર પર હસતો રહ્યો!
જીવતો દાટી કબરમાં એ પછી રડતાં રહ્યાં;
હું કબરમાં પણ, કરેલા પ્યાર પર હસતો રહ્યો!

**જમિયત પંડ્યા**

દેખ્યાનો દેશ ભલે લઈ લીધો, નાથ!
પણ કલરવની દુનિયા અમારી.
વાટે રખડ્યાની મોજ છીનવી લીધી,
ને તોય પગરવની દુનિયા અમારી!

**ભાનુપ્રસાદ પંડ્યા**

આ પ્રિયજનોનાં હાસ,
નિર્દોશ શિશુઓનાં રુદન-ઉલ્લાસ
શ્રાંત તન કેરું દિનાંતે લેટવું,
ને વિરહ અંતે સ્વજનનું ભેટવું:
આનંદ છે, આનંદ છે, આ ધરતી પર આનંદ છે!

**જયન્ત પાઠક**

આ વિશ્વના વિસ્તારને સમજવો, લેવો પાર એ મુશ્કેલ છે;∘∘∘
પણ માનવીનું ઉર સમજવું એથી યે મુશ્કેલ છે.∘∘∘
એ ક્યાં જઈ કૂદડી ફરે, એ ક્યાં જઈ અથડાય;
ક્યાં દોડતું, ક્યાં અલગ થઈ મુખ મોડતું, નિજથીય નિજને ચોરતું;
ક્યાં મ્હોરતું, ક્યાં સ્હોરતું, એ કશું નહીં જ કળાય!

**રામનારાયણ વિ૦ પાઠક**

જો ક્યારેક હું સાંભરી જાઉં,
તો પંખીડાને ચણ પૂરજો,
એકાદ વૃક્ષને પાણી પાજો,
ગાયડીની ડોક પંપાળજો ને ગલૂડિયાં રમાડજો – ∘∘∘
જો ક્યારેક હું સાંભરી આવું તો!

**હરિકૃષ્ણ પાઠક**

જેણે હસીને લોભાવી કીધી વાતડી,
સૂતાં જગાડ્યાં વેણુના દઈને સાદ –
એણે રે અમને છેતર્યાં!∘∘∘
બાઈ! અમે રડીએ સહ્યું ના જાય એટલે,
નથી આ કો'નેયે કંઈ રાવ–ફરિયાદ
– પ્રભુએ જ્યારે છેતર્યાં !

**મુકુન્દ પારાશર્ય**

આવે ત્યારે દઈ નવ શકું અંતરે જે ભર્યું તે,
જાયે ત્યારે સહી નવ શકું અંતરે જે રહ્યું તે.
**પ્રહલાદ પારેખ**

ધીમે ધીમે ઢાળ ઊતરતી ટેકરીઓની સાખે
તમને ફૂલ દીધાનું યાદ.
સળવળ વહેતી કેડ સમાણી લીલોતરીમાં
તરતા ખેતરશેઢે, સોનલ!
અમે તમારી ટગરફૂલ-શી આંખે ઝૂલ્યા
ટગર ટગર તે યાદ.
**રમેશ પારેખ**

ઊંડા ઘા તો કૈંક સહ્યા, પણ
જાન ગયો છે એક ઉઝરડે!
**અમર પાલનપુરી**

કોઈ પથ્થર ઉગામે, તો હું શું કરું?
ફૂલ ફેંકું ન સામે, તો હું શું કરું!
**'શૂન્ય' પાલનપુરી**

હવે તો 'સૈફ', ઈચ્છા છે કે મૃત્યુ દ્વાર ખખડાવે –
ઘડીભર તો મને લાગે કોઈના આગમન જેવું!

**'સૈફ' પાલનપુરી**

ગામની ચંત્યા ગોંદરે મેલી,
એ... ય નિરાંતે લીમડા હેઠે ઢોલિયા ઢાળી
સહુ સૂતાં હોય, એમ કાં લાગે?
આપણામાંથી કો'ક તો જાગે!
કોઈ જાગે કે કોઈ ના જાગે,
કોઈ શું જાગે?
તું જ જાગ્યો તો તું જ જા આગે –
આપણામાંથી તું જ જા આગે!

**વેણીભાઈ પુરોહિત**

ઠેકો પ્હાડો, ઠેકો ખાડા,
વીંધો વનવિસ્તારો ગાઢા;∘∘∘
જાવ છલંગી સાગર-છોળો,∘∘∘
જીતી લો બ્રહ્માંડો;
મર્દો! આગળ ડગલું માંડો,

**પૂજાલાલ દલવાડી**

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને;
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને!
સુત વિત દારા શીશ સમરપે, તે પામે રસ પીવા જોને;
સિંધુ મધ્યે મોતી લેવા માંહીં પડ્યા મરજીવા જોને!

**પ્રીતમ**

પ્રભુજી બોલ્યા હો નયણે જળ ભરી:
કહું મારા અંતરગતનું દુખ્ખ, હો વીરાજી!૦૦૦
મુને મથુરાનું રાજ ગમતું નથી,
વહાલો મુને ગોકુળિયાનો વાસ, હો વીરાજી!
દેવકીનું ખટરસ અન્ન ભાવે નહીં,
વહાલી મને વ્રજનારીની છાસ, હો વીરાજી!

**પ્રેમાનંદ**

કોરા ડુંગરડે આવી વરસી ગૈ વાદળી:
જગમાં વરસીને એવું જીવવું હો...જી;
ધખિયા વૈશાખી ધોમે કોયલડી શામળી
કૂજે : જીવનમાં એવું કૂજવું, હો...જી!

**હસિત બૂચ**

ન હું ઝાઝું માગું;○○○
પણ કદીય એવું પણ બને:
હું જેવાની રાખે જન્મભૂમિનાં ખાતર બને,○○○
હૃદય ગર્વે મત્ત ન બને,○○○
બસ, મરણનું એવું બલ દે!
**સુંદરજી ગો○ બેટાઈ**

દીકરી વ્યોમની વાદળી રે, દેવલોકની દેવી,
જોઈ-ન-જોઈ વહી જતી રે વનપંખણી જેવી,
આજ માડી તણે આંગણે રે રૂડા રાસડા લેતી,
કાલ્ય અગોચર ભોમમાં રે ડગ ધ્રૂજતાં દેતી.
**દામોદર ખુ○ બોટાદકર**

આમાં સામાં રે ઊડે ભાલાં અણિયાળાં,
તે અવસરમાં રે રહે રાજી તે મતવાલા.
સાચા શૂરા રે જેના વેરી ઘાવ વખાણે,
જીવતર જૂઠું રે, મરવું તે મંગલ જાણે.
એણી પેરે રે હરિજન પણ જોઈએ તીખા!
**બ્રહ્માનંદ**

કાળની કેડીએ ઘડીક સંગ,
રે ભાઈ! આપણો ઘડીક સંગ.
આતમને તોય જનમોજનમ લાગી જશે એનો રંગ!
ધરતી-આંગણ માનવીના આ ઘડીક મિલનમેળા,
વાટમાં  વચ્ચે એક દી નકી આવશે વિદાયવેળા,
તો કેમ કરીનેય કાળ ભૂલે ના એમ ભમીશું ભેળા; ૦૦૦
એકબીજાને જીતશું, રે ભાઈ! જાતને જશું હારી.

**નિરંજન ભગત**

કોઈ નજરું ઉતારો મારા મનની રે,
મને રણમાં દેખાય લીલુંછમ લીલુંછમ;
સૂકી ડાળખીએ પાંદડું વળગી રહ્યું,
મને ઝાડવું દેખાય લીલુંછમ લીલુંછમ!

**દિવ્યાબેન ભટ્ટ**

અણજાણી લિપિ, ભાષા, કિતાબો પઢાય;
ગૂઢા ભાગ્યને શી વિધે વંચાય રે?
દર ને દાગીના ઝીણું રેણ દૈ સંધાય;
તૂટ્યા આયખાને શેણેથી તુણાય રે?

**પ્રેમશંકર હ૦ ભટ્ટ**

પાણી આપને પાય, ભલું ભોજન તો દીજે;
આવી નમાવે શિશ, દંડવત્ કોડે કીજે,
ગુણ કેડે તો ગુણ દશગણો, મન વાચા કર્મે કરી,
અવગુણ કેડે જે ગુણ કરે તે જગમાં જીત્યો સહી!
**શામળ ભટ્ટ**

એક જ દે ચિનગારી,
મહાનલ ! એક જ દે ચિનગારી.૦૦૦
ઠંડીમાં મુજ કાયા થથરે,
ખૂટી ધીરજ મારી,
વિશ્વાનલ ! હું અધિક ન માગું
માગું એક ચિનગારી.
**હરિહર ભટ્ટ**

એક્કેય એવું ફૂલ ખીલ્યું છે નહીં,
કે જે મને હો ના ગમ્યું.
જેટલાં જોયાં મને તો એ બધાં એવાં જચ્યાં
કે જે નથી જોયાં - થતું ક્યારે હવે હું જોઉં!
**પ્રિયકાન્ત મણિયાર**

નદીની રેતમાં રમતું નગર મળે—ન-મળે,
ફરી આ દૃશ્ય સ્મૃતિપટ ઉપર મળે-ન-મળે.૦૦૦
ભરી લો આંખમાં રસ્તાઓ, બારીઓ, ભીંતો,
પછી આ શહેર, આ ગલીઓ, આ ઘર મળે-ન-મળે!
**'આદિલ' મન્સૂરી**

આ જગતમાં પ્રેમીઓ એવા પણ આવી જાય છે,
જે વચન દેતાં નથી તેને નભાવી જાય છે!
**'મરીઝ'**

મોહ માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ-શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે!
વણલોભી ને કપટરહિત  છે, કામ-ક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈયો, તેનું દર્શન કરતાં  કુળ એકોતરે તાર્યાં રે!
**નરસિંહ મહેતા**

નથી જોયું તેં જીવનમાં કંઈ પણ, મિત્ર હે મારા!
યદિ તેં જીવ દેવા જોગ ઠેકાણું નથી જોયું.
**'ગાફિલ' માણાવદરી**

ખીલું ખીલું કરતાં માસૂમ ગુલ સૂમ શિક્ષકને સોંપાણાં,
કારાગાર સમી શાળાના કાઠ ઉપર ખડકાણાં,૦૦૦
હર્ષઝરણ લાખો હૈયાનાં ઝબક્યાં ત્યાં જ ઝલાણાં,
લાખ ગુલાબી સ્મિત ભાવિનાં વણવિકસ્યાં જ સુકાણાં -
તે દિન આંસુભીનાં રે
હરિનાં લોચનિયાં મેં દીઠાં!

**કરસનદાસ માણેક**

ક્હાન રાખે તેમ રહીએ, ઓધવજી! ક્હાન રાખે તેમ રહીએ.૦૦૦
કોઈ દિન ભોજન શીરો ને પૂરી, કોઈ દિન ભૂખ્યાં રહીએ.૦૦૦
મીરાં કે પ્રભુ ગિરિધર નાગર, સુખદુખ સૌ સહી રહીએ.

**મીરાં**

અમે ખેતરથી, વાડીઓથી, જંગલ ને ઝાડીઓથી,
સાગરથી, ગિરિવરથી સુણી સાદ આવ્યાં;
અમે નૂતન શક્તિને ભાન, ગાતાં શ્રધ્ધાનું ગાન,
માનવને મુક્તિદાન  દેવા સહુ આવ્યાં!

**ઝવેરચંદ મેઘાણી**

મનની મોટી વાત રે, ભાઈ! મનની મોટી વાત.૦૦૦
વિજન વહાલું કદીક એને વસ્તી ખાવા ધાય રે,
ભાઈ! વસ્તી ખાવા ધાય.૦૦૦
ગરુડ-વેગે ઊડતું, ચાલે કીડી-વેગે માંડ રે,
ભાઈ ! કીડી વેગે માંડ.

**દેવજી રા૦ મોઢા**

લાવો લાવોને દોત, લખીએં હરિને રે;
એવો શિયો તે અમારલો દોશ, ન આવ્યા ફરીને રે?૦૦૦
વા’લે દૂધ ને સાકરડી પાઈ ઉઝેરેલ અમને રે,
એવાં વખડાં ઘોળી ઘોળી પાવ, ઘટે નૈં તમને રે!

**મોરાર**

દુખડાંની વાતો રે ક્યાં જઈ દાખવું?
કહીએ છીએ, પણ કહ્યું ન માને કોઈ જો;
કૂવાની છાંયડી તે કૂવામાં શમે,
તસ્કરની મા કોઠીમાં પેસી રોય જો!

**રઘુનાથદાસ**

હળવા તે હાથે ઉપાડજો રે, અમે કોમળ કોમળ,૦૦૦
ઊના તે પાણીડે ઝારજો રે, અંગ કોમળ કોમળ;
ખેપનો થાક ઉતારજો રે, અમે કોમળ કોમળ.

**માધવ રામાનુજ**

ટહુકે  ગાય આ કોયલ હજુ યે ગ્રીષ્મમાં
ફૂલોને તાપનાં વિશ ના ડસે એ આશમાં;
ઊકળતી લ્હાયમાં ગીતો અમે ગાતા રહ્યા
તમારા બાગ હરિયાળા રહે એ આશમાં!

**હસમુખ રાવલ**

આ ઝરમર ઝર વરસાદ –
વળી વળીને વરસે જાણે મધુર કોઈની યાદ!

**પ્રજારામ રાવળ**

ચલો આજ, ભૈયા ! ઊઠાવી લો લંગર.
સમંદરની અંદર ઝુકાવી દો કિસ્તી;
સલામત કિનારાના ભયને તજી દો,
તુફાનોને કહી દો કે કમ્મર કસી છે!

**મધુકર રાંદેરિયા**

આંખોમાં આંજ્યાં મેં ફૂલોનાં સમણાં
ને અંગ અંગ કાંટે વીંધાયાં!
**કરસનદાસ લુહાર**

લલાટરેખાઓને ઘસવી પડી છે,
ઘણી વેળાઓને હસવી પડી છે.૦૦૦
વદન પર સ્મિત રેલાવ્યું છે ત્યારે
હૃદયમાં આગ પણ ખમવી પડી છે.
હજારો વાર પીધા છે એ ઘૂંટડા,
મુહબ્બત અમને તો કડવી પડી છે.
**'સાબિર વટવા'**

તે પરોઢે જીવતા  હોવું : પરમ આનંદ એ;
હોવું પરંતુ જુવાન – તે તો સ્વર્ગસમ!
**વિલિયમ વર્ડ્ઝવર્થ (અનુવાદક: ઉમાશંકર જોશી)**

ગમી પણ જાય છે ચહેરા કોઈ, તો એમ લાગે છે –
પધાર્યા છો તમે ખુદ રૂપ જાણે જૂજવાં લઈને!
**બરકત વીરાણી 'બેફામ'**

આંખો મીંચાય કે તરત જ
એમાં ઊગેલાં મેઘધનુષ્યોને
હળવેકથી ઉપાડીને
કોઈ કોરી આંખના આકાશમાં લહરાવજો!

**જિતેન્દ્ર કા૦ વ્યાસ**

ઠંડા વા વર્ષાના વાયા,
ઈશાનની વીજળી ચમકી,
વાદળીઓ ઝરમરવા લાગી,૦૦૦
ઘટા ગગન ઘનઘોર ચડી.૦૦૦
બુંદ અધરથી ઝીલે  બપૈયો,
મોર જુઓ મલકાઈ રહ્યો!૦૦૦
મેડકને બહુ મઝા પડી,
ઘટા ગગન ઘનઘોર ચડી.
સીમ સહુ તરબોળ થઈને
પાદરની નદીઓ છલકે,
ગોકુળિયાંશાં ગામ દીસે સૌ,
ખેડૂતનાં મુખડાં મલકે.

**ત્રિભુવન વ્યાસ**

મકબરા જઈને જુઓ જેમાં સૂતા સુલતાન છે –
એ કબ્રથી કે'શે, અમારો દેશ હિંદુસ્તાન છે!

**'શયદા'**

અનુભવ છે દરિયાના તોફાનનો – પણ
આ રેતીમાં હોડી ખરાબે ચઢી છે!

**ભગવતીકુમાર શર્મા**

આપણી કને હોય તે બધું હોડમાં મૂકી દઈ,
હાર કે જીત વધાવીએ આપણ એકબીજાનાં થઈ.

**રાજેન્દ્ર શાહ**

દૂર દૂર પરહરતાં, સાજન!
વરસો આમ જ સરતાં, સાજન!
કારતકના કોડીલા દિવસો
ઊગી આથમી ખરતા, સાજન!○○○
આસોનાં આંગણ સંભારે
પગલાં કુંકુમઝરતાં, સાજન!

**રાજેન્દ્ર શુકલ**

સૂકી તે ધૂળના ભીના ખૂણેથી
આજ પાંગરવું, કાલ વળી ખરવું,
તોય ફૂલને કંઠે કો' ગીત રમે ગરવું!
**ગુલામ મોહમ્મદ શેખ**

તારી તે વાટ અને મારું છે તેલ મહીં,
જ્યોતિ તે આપણા બેની.◦◦◦
તારી તે હોડી ને મારાં હલેસાં છે,
દરિયો તે આપણા બેનો.
તારો તે ચાંદલો ને મારો સૂરજ છે,
આખું નભ આપણા બેનું!
**ચંદ્રકાન્ત શેઠ**

"જંપવું નથી લગીર – જો નહિ સ્વતંત્રતા!◦◦◦
મૃત્યુ કે સ્વતંત્રતા – લખી ન આ લલાટ હાર!"
– આકરા પુકારી કોલ વીરલા રણે ચડ્યા.
**કૃષ્ણલાલ શ્રીધરાણી**

જઈ જરા એમને કહો કોઈ:
ના ઘટે આજ રાહે અટવાવું.
"અબઘડી આવશે" કહીને, ભલા!
મોતને ક્યાં લગી હું શરમાવું?
**મહેન્દ્ર 'સમીર'**

અમે ભમ્યાં અહીંનાં ખેતરમાં, ડુંગરમાં, કોતરમાં,
નદીઓમાં ન્હાયાં, આળોટ્યાં કુદરતના પાનેતરમાં;
અમે અહીં રોયાં, કલ્લોલ્યાં; અહીં ઊઠ્યાં, પછડાયાં,
જીવનજંગે જગત ભમ્યાં, પણ વીસરી નહિ ગૃહમાયા!
**સુન્દરમ્**

નથી કાંઈ ખાલી હાથે આવ્યા કબ્રને કાંઠે,
છલોછલ સોણલાંની પોઠ લાવ્યા કબ્રને કાંઠે;
નથી કાંઈ કેસૂડા કોળ્યા, અમારું લોહી ઊગ્યું છે;
ન લીલાં તૃણ – અમે શમણાં બિછાવ્યાં ત્યાં કબ્રને કાંઠે!
**કિસન સોસા**

જનતા દોરવાયે છો ક્ષણ બે ક્ષણ કોઈથી,
સદાને કાજ ના કિંતુ, કો'નાથી દોરવાયે તે.
પડતી, લડતી, ખોતી, વેચાતી, છેતરાતી વા, ૦૦૦
રોજરોજ ટિપાતાંયે જનતા કો'થી ના મરે!
**ઝીણાભાઈ દેસાઈ 'સ્નેહરશ્મિ'**

## ગુજરાતી ભાષાના લેખકો અને વાચકો જોગ:

તમે જાણતા જ  હશો કે ટેક્નોલોજીની નવી શોધો આપણી વાચન-પદ્ધતિની મદદે આવી છે - પુસ્તક આપણે જે રીતે વાંચીએ છીએ તે જ રીતે કૉમ્પ્યુટરના સ્ક્રીન પર, મોબાઈલ પર, આઈ-પૅડ પર વાંચી શકીએ છીએ - આંગળીથી પુસ્તક કે સામયિકનું પાનું ઉથલાવીએ એ જ રીતે આંગળીના સ્પર્શથી ઈલેક્ટ્રોનિક પુસ્તકનું પાનું ઉથલાવી શકાય છે, એ જ સ્પર્શથી અક્ષરો નાના-મોટા કરી શકાય છે. મુદ્રિત પાનાં વાંચીએ એ જ સગવડથી ને નિરાંતથી આ વીજાણુ પાનાં પણ વાંચી શકાય છે. એવી વ્યાપક સુવિધા માટે ‘એકત્ર’ નામની એક નાનકડી સહયોગી સંસ્થા અમે ઊભી કરી છે. વાચનની એક અર્થપૂર્ણ ડિઝિટલ વ્યવસ્થા અમે રચી રહ્યાં છીએ, આપણા સૌને માટે. ટેકનોલોજીની મદદથી ગુજરાતી સાહિત્યનો પ્રસાર અને પ્રચાર કરવો એ ‘એકત્ર ફાઉન્ડેશન’નો હેતુ છે.

‘એકત્ર’ અત્યારે ચાર દિશામાં એકસાથે પ્રવૃત્ત છે:

1. 'પ્રોજેક્ટ ગુટનબર્ગ' અને ગૂગલે  દુનિયાભરનાં  એક લાખ અપ્રાપ્ય  અને જૂનાં પુસ્તકોને સ્કેન કરીને વિનામૂલ્યે વાંચી શકાય તેવી વ્યવસ્થા ઊભી કરી  છે. આ યોજનામાંથી પ્રેરણા લઈને 'એકત્ર'એ ગુજરાતી સાહિત્યનાં છેલ્લાં 200 વર્ષનાં પ્રશિષ્ટ અને રસપ્રદ એવાં, (પહેલે તબક્કે)100 પુસ્તકો વીજાણુ-ગ્રંથશ્રેણી રૂપે, દુનિયાભરમાં વસતા ગુજરાતી વાચકોને એમના મોબાઈલ પર, આઈ પેડ પર, કૉમ્પ્યુટર પર સુલભ કરી આપવાનો એક સાહસિક સંકલ્પ કર્યો છે. આ દિશામાં પહેલ કરવા આપણા નવલકથાકાર શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી પન્નાલાલ પટેલની એક-એક કૃતિને ઈબુક રૂપે રજૂ કરી વિનામૂલ્યિે દુનયાભરમાં પથરાયેલા ગુજરાતીઓ સુધી પહોંચાડવાની મંજુરી મળી  છે. 'અડધી સદીની વાચનયાત્રા'ના

ચારેય ભાગ તથા 'લોકમિલાપ'નાં અન્ય પ્રકાશનોને પણ ઈબુકમાં રૂપાંતરિત કરી વિનામૂલ્યે સુલભ કરી આપવાની સંમતિ લોકમિલાપે આપી છે. અમને આશા છે કે આ 'અડધી સદીની વાચનયાત્રા'ના સઘળા લેખકોની સંમતિ પણ અમને સાંપડશે અને એ બધા લેખકોનો અમે ગુજરાતી ભાષાનાં વાચકો વતી ઋણસ્વીકાર કરીએ છીએ. છતાં કોઈ લેખકની અસંમતિ હોય તો અમને જણાવા કૃપા કરશો તો એ લખાણોને ઈબુકમાં સમાવતાં અટકાવીશું. વાચક મૂળ પુસ્તક સુધી પહોંચે તેવો પ્રયાસ અમારે કરવો છે.

2. ગુજરાતી સાહિત્યને પેપર તરફથી ઈપેપર તરફના પ્રયાણમાં નડતી જટિલ ટેકનીકલ બાધાઓને ઉકેલવાનું કામ હાલ 'એકત્ર'ના સ્વયંસેવકો કરી રહ્યાં છે. મોબાઈલથી લઈને કોમ્પુટર સુધીનાં સાધનોમાં વાંચવા વર્તમાન ગુજરાતી ભાષાના વિવિધ ફોન્ટ અને અલગ અલગ કી-બોર્ડમાં ટાઈપ થયે જતાં પુસ્તકોને ઈબુકમાં ફેરવતાં પહેલાં સર્વસ્વીકૃત યુનિકોડ ગુજરાતીમાં ફેરવવા આવશ્યક છે. ગુજરાતી ભાષાની કોઈપણ પીડીએફને ઈબુકમાં રૂપાંતરિત કરવાની અટપટી પ્રક્રિયાને સરળ બનાવતું એક સોફ્ટવેર તૈયાર થવામાં છે, જે કોઈ ગુજરાતી લેખક કે પ્રકાશક પોતાનાં પુસ્તકને ઈબુકમાં રૂપાંતરિત કરવા માંગતા હોય તેઓ તેમની પીડીએફ 'એકત્ર'ની વેબસાઈટ ઉપર અપલોડ કરી શકશે. ગુજરાતી ભાષાની ઈબુક લાઈબ્રેરી ઊભી કરવાનાં 'એકત્ર'ના પ્રયાસમાં જોડવા ઈચ્છતાં લેખકો અને પ્રકાશકો સંજય ચૌધરીનો સંપર્ક સાધીને અનુમતિ આપી શકે છે. વિનામૂલ્યે વહેંચવા માટેનાં પુસ્તકોને ઈબુકમાં રૂપાંતરિત કરી 'એકત્ર ફાઉન્ડેશન'ની વેબસાઈટ ઉપર સુલભ કરવાનો પ્રારંભ થયો છે.

3. ગુજરાતી સાહિત્યનાં અપ્રાપ્ય પુસ્તકોનો નવોન્મેષ કરવો, નવેસરથી ટાઈપ, પ્રૂફરીડીંગ અને છપામણીનો પડકાર ઝીલી તેને ફરી વાંચવા ઉપલબ્ધ કરવાં તે બહુ મોટો યજ્ઞ છે. પણ આપણી હવે પછીની પેઢી માટે આ પડકાર 'એકત્ર'એ ઝીલ્યો છે. અને તે માટે ગુજરાતી ભાષાનો OCR - ઑપ્ટિકલ કેરેક્ટર રેકગ્નિશન સોફ્ટવેર સૌને વાપરવા મળે તે માટેનું કામ શરૂ થયું છે.

4 ગુજરાતી ભાષામાં સામયિકો ઘણાં છે. પરંતુ દુનિયાભરમાં પથરાયેલા ગુજરાતીઓ સુધી એ પહોંચાડવાં અત્યંત મુશ્કેલ પણ છે. ઉપરાંત, અનેક સામયિકોને મંગાવવાનું સૌ માટે શક્ય નથી. વળી, વાચનમાં રસ હોય તો પણ સમયના અભાવે સામયિકો પૂરાં વાંચી શકાતાં નથી. આ સંજોગોમાં આપણાં સામયિકો અને પુસ્તકોમાંથી ઉત્તમ સામગ્રીનું ચયન-સંકલન આપતા એક ઈ-ડાયજેસ્ટ દ્વારા ગુજરાત બહાર રહેતા ગુજરાતીઓને ઉત્કૃષ્ટ વાચન પહોંચાડવાનો પણ એક સંકલ્પ અમે કર્યો છે.

**રાજેશ મશરૂવાળા, બકુલ શાહ** તથા **સંજય ચૌધરી**ના સક્રિય સહકાર વડે ‘એકત્ર’ના આ કાર્યો આગલ વધી રહ્યાં છે.

‘એકત્ર’ ના આ પ્રયત્નને આગળ લઈ જવા આપનો સહકાર ને આપની શુભેચ્છા અમને મળશે એવો વિશ્વાસ છે.

www.ekatrafoundation.org અને www.ekatrabooks.com પરથી આગળની માહિતી મેળવી શકાય છે.

- **અતુલ રાવલ** (atulraval@ekatrafoundation.org)